# દેવે તેના ઈસ્રાએલી લોકોને સારા નિયમો આપ્યા.

**પ્રાર્થના :** પ્રભુ તમે તમારા લોકોને આગળ થનારી વધારે સારી બાબતોની તૈયારી માટે પ્રાચીન કાળમાં નિયમો આપ્યાં તે સમજવા માટે આ બાળકોને તૈયાર કરો.

બાળકોની જરૂરિયાતો અને ઉંમરને અનુરૂપ પ્રવૃત્તિઓ પસંદ કરો.


**મુસાને દસ આજ્ઞાઓ આપવામાં આવી**. એક મોટો વિદ્યાર્થી અથવા શિક્ષક દેવે ઈસ્ત્રાએલના રાજ્ય માટે કેવી રીતે દસ આજ્ઞાઓ આપી તે વાંચે અથવા સમજાવે.

દેવે લોકોને તેનો નિયમ પ્રાપ્ત કરવા **કેવી રીતે તૈયાર કર્યા તે કહો.** નિર્ગ.૧૯:૯-૧૩.

**દેવે સિનાય પહાડ ઉપર શું કર્યું તે કહો**. નિર્ગ.૧૯:૧૬-૨૫

ટૂંકાણમાં દરેક આજ્ઞા **સમજાવો.** નિર્ગ.૨૦:૧-૨૧.

**બાળકો આ ચિત્રની નકલા કરે.** મોટા છોકરાં તેમાં આજ્ઞાઓ લખે.





**૧ આ પ્રશ્નો પૂછો. દરેક પ્રશ્ન સાથે જવાબ સાથેની કલમો છે.**

- જ્યારે લોકો પહાડ પાસે દેવ સાથે મુલાકાત કરવા ગયા ત્યારે પહાડનું દ્રશ્ય કેવું હતું ? નિર્ગ૩:૧૯:૧૮
- જો લોકો પહાડને અડકે તો શું થાય ? નિર્ગ.૧૯:૨૪
- પહાડને ધુમાડાના ગોટાઓથી ઘેરાયેલો જોઈને લોકોને કેવી લાગણી થઈ ? નિર્ગ. ૨૦:૧૮
- દેવે મુસાને આપી તે દસ આજ્ઞાઓ કઈ હતી ? બાળકોને જેટલી વધારે યાદ હોય તે પ્રમાણે બોલવા દો.

**૨ ગલા ૫:૧૮ સમજાવો - જો તમે આત્મા વડે ચાલો છો તો તમે નિયમની આધીનતામાં નથી.**

- ઈસ્ત્રાએલના રાજ્યને આપવામાં આવેલો નિયમ ઈસુએ પરિપૂર્ણ કર્યો છે. માત્થી.૫:૧૭.



- આપણું તારણ કૃપાથી છે. પ્રાચીન નિયમના પાલનથી નહી પણ પવિત્રઆત્માના જીવન બદલનારા કામ મારફતે છે. એફેસી.૨:૮-૧૦.



- નવા કરાર પ્રમાણે આપણે બીકથી નહી પરંતુ પ્રેમની આજ્ઞા પ્રમાણે ઈસુને આધિન થઈએ છીએ. તેણે કહ્યું જો તમે મને પ્રેમ કરો છો તો મારી આજ્ઞાઓ પાળશો. યોહાન૧૪:૧૫.

**ઈસુએ** ઘણી બાબતની આજ્ઞાઓ આપી આપણે ટુંકાણમાં આ આજ્ઞાઓને સાત ભાગમાં વહેંચી શકીએ. કે જે પ્રેરીત૨:૩૭-૪૭ પ્રમાણે વિશ્વાસીઓ પાળતા હતા.

૧. પસ્તાવો કરો, વિશ્વાસ કરો અને પવિત્રઆત્માથી ભરપુર થાઓ.

૨. બાપ્તિસ્મા પામો.

૩. પ્રેમ કરો અને માફી આપો

૪. પ્રભુની મેજ પાળો.

૫. પ્રાર્થના

૬. દાન આપવું

૭. શિષ્ય બનાવો.

૩. **મુસા અને દશ આજ્ઞાની વાર્તાનું નાટક બનાવો.**

ભજન સેવા વખતે આ રજુ કરવાનુ ગોઠવો. સન્ડેસ્કુલ વખતે તૈયાર કરીને બાળકો આ પાંચ પાત્રો ભજવે. ૧) વર્ણન કરનાર - તે વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને બાળકોએ શું બોલવું તે શીખવે. ૨) દેવનો અવાજ ૩) મુસા ૪) પાઉલ ૫) ઈસ્ત્રાએલીઓ (નાના બાળકો)

**ઉદ્‌ઘોષક :** તે બોલે છે. નવા ઈસ્ત્રાએલના રાજ્યના હજારો લોકો અરણ્યમાં નિયમ વગર ફરતા હતા. દેવે પોતાના પવિત્ર નિયમ માટે તેમને તૈયાર કર્યા તેમના આગેવાન મુસાને દેવે શું કહ્યું તે સાંભળો.

**દેવનો અવાજ :** મોટા અવાજે નિર્ગમન૧૯:૯-૧૦ વાંચવી.

**ઉદ્‌ઘોષક :** બોલે ઈસ્ત્રાએલના લોકોએ શું કહ્યું તે સાંભળો.

**ઈસ્ત્રાએલીઓ :** બુમો પાડે છે ''પહાડ પર કેવો ધુમાડો છે તે જુઓ.'' ''વીજળી થાય છે તે જુઓ ! મને તો ગર્જનાની બીક લાગે છે !'' ''આપણે દેવની પાસે જઈ શકતા નથી નહિ તો માર્યા જઈશું.''

**ઉદ્‌ઘોષક :** નિર્ગમન ૧૬:૧૬-૨૦ વાંચે પછી કહે ''દેવે મુસાને શું કહ્યું તે સાંભળો.''

**દેવનો અવાજ :** મોટેથી દેવનો અવાજ નિર્ગમન ૧૯:૨૧.

**ઉદ્‌ઘોષક :** દેવે મુસાને પહાડ ઉપર લોકોને માટે નિયમ આપવા બોલાવ્યો તેની સમજૂતી આપે પછી કહે ''પર્વતની ટોચ ઉપર દેવ મુસાને શું કહે છે તે સાંભળો.''

**મુસા :** ખુરશી ઉપર ચઢી જાય અને બોલે "અમે આ નિયમો પાળીશુ જેથી તું અમને આશીર્વાદ આપે."

**ઉદ્‌ઘોષક :** "ગલાતી ૫:૧૮ કહે છે જો તમે આત્મા દ્વારા દોરવાતા હો તો તમે નિયમની આધિનતામાં નથી. દેવે નવો નિયમ આપ્યા પછી વર્ષો પછી પાઉલ પ્રેરિત શું કહે છે તે સાંભળો."

**પાઉલ :** "ઈસુ આપણને બચાવા માટે મરણ પામ્યો. આપણે નિયમની આધિનતામાં નથી. આપણે પ્રેમથી ઈસુને આધિન થઈએ છીએ."

**ઈસ્ત્રાએલીઓ :** બૂમો પાડે "તો આપણે આજે દેવનો નિયમ તોડી શકીએ છીએ !"-"આપણે ચાહીએ તે કરી શકીએ છીએ !"-"ચાલો આપણે પાપ કરીએ જેથી દેવ આપણને માફ કરતો જાય અને પ્રેમ કરતો જાય !"

**પાઉલ :** "ના ! ના ! ના ! દેવ પવિત્ર છે ! આપણે ઈસુને પ્રેમથી આધીન થઈએ છીએ. તેની આજ્ઞા છે કે દેવ ઉપર અને એકબીજા ઉપર પ્રેમ રાખો. તેનો પવિત્ર આત્મા આપણા હૃદયમાં પ્રેમ ઉત્પન્ન કરે છે. જો આપણે પ્રેમ રાખીએ તો આપણે હત્યા,ચોરી કે મૂર્તિપૂજા નહી કરીએ. આપણે તેજ કરીશું જે દેવને ગમે છે."

**ઈસ્ત્રાએલીઓ :** "શું દેવ પહાડ ઉપર ધુમાડા અને વીજળીમાં દેખાશે ?"-"તે તો અતિ દૂર અને અતિ પવિત્ર છે. - આપણે તેની પાસે જઈ શકીએ નહી ! "-"અમને તેમની સાથે વાત કરતા બીક લાગે છે !"


**પાઉલ :** "ના ! ના ! ના ! નવા કરાર પ્રમાણે હવે દેવ આપણાથી દૂર રહ્યો નથી. તે આપણામાં વસે છે. આપણે પિતાની જેમ તેની સાથે વાત કરી શકીએ છીએ. હવે આપણને તેની સાથે વાત કરતા બીક લાગતી નથી."

**ઉદ્‌ઘોષક :** નાટક પૂરૂ થાય ત્યારે બાળકોનો આભાર માનવો. જો મોટાઓને કોઈ પ્રશ્ન હોય તો પુછે. (ભાગ-૨માં આપેલા પ્રશ્નો સભામાં પુછવા માટે તેમને તૈયાર કરો.)

**ચર્ચા :** બાળકોને પુછો જુનો નિયમ અને હાલમાં આપણે ઈસુની આધીન થઈએ છીએ તે બે માં શું તફાવત છે ? (તેમને ઉદાહરણો આપવા દો.)

પહાડમાંથી ધુમાડો નીકળે છે **તે ચિત્ર દોરો**. અને બાળકોને કોપી કરવા દો. ભજનસેવા વખતે તે ચિત્ર સભામાં બતાવે. અને સમજાવે કે આ દર્શાવે છે કે દેવ પવિત્ર છે.

માત્થી ૭:૧૨ **મુખપાઠ કરો.**



**ગીત** : ત્રણ બાળકો ગીતશાસ્ત્ર ૧૯-૭,૧૦,૧૧ કલમો મોઢે બોલે.

**પ્રાર્થના** : પ્રભુ તમે પવિત્ર છો. તમે અમારા પાપને ધિક્કારો છો. તમે અમને અમારા પાપ દેખાડો છો. જેથી અમે પસ્તાવો કરીને ખ્રિસ્તમાં માફી પામી શકીએ છીએ માટે તમારો આભાર માનીએ છીએ નિયમના દબાણને કારણે નહિ પણ અમે તમારા પર પ્રેમ કરીએ છીએ માટે અમે તમને આધીન થવા માંગીએ છીએ.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net